# યુવાન કોણ?

–રોહીત શાહ

યુવાનીમાં માણસ ‘અલ્ટ્રા મોડર્ન’ બનવા કોશીશ કરે છે. જેમ જેમ ઉંમર ઢળતી જાય છે તેમ તેમ એને ‘ઓલ્ડ ઈઝ ગોલ્ડ’ લાગવા માંડે છે. બુઢ્ઢાપામાં માણસ પ્રાચીનતાના પ્રેમમાં પડી જાય છે. – જુની સ્મૃતીઓ, જુની પરમ્પરાઓ, જુની કવીતાઓ, જુનાં ફીલ્મી ગીતો. એને પુરાણું એટલું બધું વહાલું લાગવા માંડે છે કે નવું કશું સ્વીકારવાનું એને નથી ગમતું. નવું બધું એને બકવાસ અને ફાલતું લાગે છે. હદ તો ત્યારે થઈ જાય છે કે એમનાં પૌત્ર–પૌત્રીઓ, જ્યારે કાંઈ નવું ઈચ્છે છે ત્યારે એ બળાપો કાઢે છે કે, ‘નવી જનરેશન વંઠી ગઈ છે.’ એ જાણે ઈરાદાપુર્વક ભુલી જાય છે કે પોતે યુવાનીમાં હમ્મેશાં બધું નવું નવું ઝંખતો હતો : નવી ફેશન, નવા વીચારો, નવી લાઈફ સ્ટાઈલ.

કોઈ માણસ ઘરડો થઈ ગયો છે કે નહીં એ જાણવું હોય તો એના વીચારો અને એની પસંદગીનો સ્ટડી કરવો જોઈએ. જો હજી એને કશું નવું ગમતું હોય – તાજું તાજું ગમતું હોય તો એની ઉમ્મર ગમે તેટલી મોટી હોય – એને યુવાન જ સમજવો. માણસ જ્યારે પ્રાચીન સંસ્કૃતી અને પ્રાચીન પરમ્પરાઓનાં ગાણાં ગાવા લાગે ત્યારે સમજી લેવું કે હવે એ બીજા કશાને લાયક ભલે ન થયો હોય; પણ ઉમ્મર લાયક તો થઈ જ ગયો છે!

સવાલ એ છે કે જેને કેટલીક જુની બાબતોયે ગમતી હોય અને કેટલીક નવી ચીજો માટેય એ પક્ષપાત કરતો હોય તો, એને યુવાન કહેવો કે ઘરડો? એનો જવાબ છે : એને ડાહ્યો, વીવેકી અને ઠરેલ માણસ સમજવો. જુનાનો મોહ નથી અને નવા પ્રત્યે નફરત નથી અથવા એથી ઉલટું; જુના પ્રત્યે ઘૃણા નથી અને નવા માટેનું વળગણ નથી – એવો આદમી તટસ્થ છે, વીચારશીલ છે, સારાસારનો વીવેક કરનારો છે.

આપણી પાસે ઉપનીષદની પ્રાચીન પ્રાર્થનાઓ છે : ‘અસદો મા સદગમય! તમસો મા જ્યોતીર્ગમય!’નો અનુવાદ કરી કરીને આપણે ગાતા રહીએ છીએ : ‘અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા! ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા!’ આપણા વડવાઓ પણ આ જ રટણ

કરતા હતા. આપણી પાસે નવી પ્રાર્થનાઓ કેમ નથી? ઈશ્વર (જો હોય તો) એકની એક જુની પ્રાર્થના સાંભળીને કંટાળી નહીં જતો હોય? પ્રાર્થના તો વ્યક્તીએ વ્યક્તીએ જુદી જ હોવી જોઈએ ને! શું આપણા સૌની, ઈશ્વર પાસેથી એક જ સરખી માગણી છે? માગણીને પ્રાર્થના કહેવાય?

સાચી વાત તો એ છે કે, ઈશ્વર પાસેથી આપણે કશું જ માગવાનું ન હોય. છતાં માંગવું હોય તો નવું કેમ ન માગવું? 'આત્માની શાન્તી' અને 'મોક્ષમાં રીઝર્વેશન' અને 'જન્નતનું સુખ' જ કેમ માગવાનું? સંસારમાં સુખોનું કેટકેટલું વૈવીધ્ય છે! સન્તાનનું સુખ, સમ્પત્તીનું સુખ, ખાવા–પીવાનું સુખ, સાહ્યબીનું સુખ, હરવા–ફરવાનું સુખ, ફીલ્મો જોવાનું સુખ, વીજેતા થવાનું સુખ, પ્રીય વ્યક્તીના સહવાસનું સુખ, પહેરવા–ઓઢવાનું સુખ, લગ્ન કરવાનું–જન્મદીવસ ઉજવવાનું સુખ, મહેમાન બનવાનું સુખ..... અધધધ સુખોથી સંસાર છલોછલ ભરેલો છે. આ બધું છોડીને બીજે ક્યાંય જવાની જરુર જ શી છે?..... એઈ, કોણ વચ્ચે બોલ્યું કે 'આ બધું ક્ષણીક છે, નાશવન્ત સુખ છે?' ભાઈ, સુખ તો એને જ કહેવાય કે જે ક્ષણીક અને નાશવન્ત જ હોય. કાયમી હોય એને તો 'મહાદુ:ખ' કહેવાય! પરીવર્તનમાં જ સુખ છે, પુર્ણાહુતીમાં જ સુખ છે.

અધ્યાત્મવાદી થવાની આંધળી લાયમાં આપણે જીવનવાદી થવાનું તો નથી ભુલી ગયા ને? જીવનને ચાહવાને બદલે આપણે અજ્ઞાત અને ભ્રામક સુખોને તે નથી ચાહવા લાગ્યા ને? જીવનને ચાહવા જેવો બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી. સન્તાનો સાથે વહાલ કરવા જેવો વૈભવ બીજો કોઈ નથી. માવતર–પેરન્ટ્સથી મહાન બીજું કોઈ નથી. સ્વજનો–મીત્રો સાથેની સંગત જેવો સત્સંગ બીજો કોઈ નથી. સમ્બન્ધો સ્વાર્થના હોય તોયે તેમાં સુગન્ધ છે. આવી પડેલી તકલીફો–દુ:ખો સામે ઝઝુમવું એ ઝીન્દાદીલી છે; પણ સામે ચાલીને કષ્ટપુર્ણ અને યાતનાભર્યું જીવન જીવવું એ મુર્ખામી છે. એમાં જીવનની અવમાનના–જીન્દગીનું ઈન્સલ્ટ છે.

કમ્પ્યુટર અને ઈન્ટરનેટને કારણે પૃથ્વી પર જ સ્વર્ગ ઉતરી ચુક્યું છે. આજની ટીન–એજર જનરેશનમાં મોબાઈલમાં દરેક પ્રશ્નનો જવાબ હોય છે. આપણી પાસે ત્રણ જ ભાષાઓ હતી : માતૃભાષા, હીન્દી અને અંગ્રેજી. નવી પેઢીએ વૉટસેપની નવી લેન્ગવેજ બનાવી લીધી છે. શબ્દો ટુંકા થઈ ગયા છે. 'મારે જવું છે ' કહેવા માટે લખે છે : 'Maare javu 6' – આને કઈ ભાષા કહીશું?

એના દ્વારા કમ્યુનીકેશન તો થાય છે જ! એટલે એ ભાષા નથી એવું કહી શકીશું? 'થેન્ક્સ' માટે : 'Tnx', 'ગુડ મોર્નીંગ' માટે : 'GM', 'જય શ્રીકૃષ્ણ' માટે : 'JSK', 'ફોટો–પીક્ચર' માટે : 'Pic' આવાં શૉર્ટ ફોર્મ્સ વૉટસેપની ભાષામાં ઝડપથી સ્વીકૃત થઈ રહ્યાં છે. ચાલો, એ તો ઠીક; પણ ક્યારેક તો શબ્દોનો ઉપયોગ કર્યા વગર, માત્ર 'ચીત્ર' દ્વારા જ પ્રતીભાવ આપવામાં આવે છે. રેડીમેડ ઈમેજીસમાંથી સ્માઈલ, ક્લૅપીંગ, હીટીંગ, ગુસ્સો, સૉરી, રીસામણું વગેરે જેવાં પ્રતીકાત્મક ચીત્રો દ્વારા અભીવ્યક્તી કરવામાં આવે છે. 'હાર્ટ બ્રેક'ની લાગણી માટે પણ રેડીમેડ ચીત્રોનો ઉપયોગ થાય છે. 'થમ્સ–અપ'નું ચીત્ર અને એની વીરુદ્ધમાં 'થમ્સ–ડાઉન'નું ચીત્ર પણ રેડીમેડમાં મળી જાય છે.

વૉટસેપની આ નવી લેંગ્વેજમાં તમને મઝા પડતી હોય તો તમે યુવાન છો અને જો તમે સતત નવું ને નવું કંઈક તલાસતા રહેતા હો–તરાશતા રહેતા હો તમે સદાબહાર યુવાન છો.

## સૌથી મોખરે શું ?

જે પોતાની ભુલો સ્વીકારવા અને સુધારવા હરપળે તૈયાર રહેતો હોય એ યુવાન છે. સમસ્યાઓ સામે શરણાગત બની જવાને બદલે ઝઝુમનાર વ્યક્તી યુવાન છે. સફળતાની જેમ જ નીષ્ફળતાનેય સહજ રીતે સ્વીકારનાર આદમીને 'ઘરડો' કોણ કહેશે? જેની હાજરીમાં પરીવારની દરેક વ્યક્તી શીસ્તમાં રહેવા ઈચ્છે અને જેની ગેરહાજરીમાં એની ખોટ અનુભવાય એ વ્યક્તી સદા યુવાન જ છે.

નવી વાત, નવો વીચાર, તાજગીભરેલી અને ઝગમગાટ ભરેલી રજુઆત કરનાર વ્યક્તી કદી વૃદ્ધ થતી નથી.

–રોહીત શાહ

મે, 2016ના 'અખંડ આનન્દ' માસીકના 'સંવાદ' વીભાગનાં પાન ક્રમાંક: 68-69 પરથી લેખકની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

'અખંડ આનન્દ'ના જુના અંકો મોકલવા બદલ કામરેજના 'ડૉ. બળદેવ ભક્ત'નો ખુબ આભાર.. ..ઉ.મ..

સર્જકસમ્પર્ક :

Rohit Shah,

'Anekaant'

D-11, RamanKala Appt., Near Railway Crossing of Sanghvi School, Naranpaura,

Amdavad-380 013 Phone : 9428568368 eMail : rohitshah.writer@gmail.com

Facebook : https://www.facebook.com/profile.php?id=100012319322210

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: ચૌદમું – અંક: 425 –April 28, 2019

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, સરનામું, ફોન નંબર.. વગેરે માહીતી મોકલી મને લખજો.. તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે એક મેલ સાથે પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,62,40,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,24,78,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,72,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,05,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@